**<u>ખાસ જરૂરી</u>**

**મુકેશભાઈ સી. દવે**
માનદમંત્રી-અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સ.એસો.
૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર,
સ્વામીનારાયણ મંદિરની સામે,
શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.
ઈ-મેલ : agtta.gujarat@yahoo.com
ફોન/ફેકસ : ૦૭૯-૨૫૬૨૧૪૪૭

તા.૨૬-૧૨-૨૦૧૩

પ્રતિશ્રી,
**માનનીય શ્રી આર.કે. ચૌહાણ સાહેબ,**
**ખાસ ફરજ પરના અધિકારીશ્રી**
માર્ગ અને મકાન વિભાગ,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

**<u>વિષય : રાઈટ ટુ ઈન્ફોર્મેશન-૨૦૦૫ અન્વયે માહિતી આપવા બાબત</u>**

માનનીયશ્રી,

સવિનય જણાવવાનું કે રાઈટ ટુ ઈન્ફોર્મેશન-૨૦૦૫ અન્વયે અમારી સંસ્થાએ અભ્યાસ અર્થે નીચે મુજબની માહિતી પત્ર દ્વારા મંગાવેલ હતી.

**૧. અમદાવાદ-મહેસાણા રોડ પ્રોજેકટનો કન્સેસનર એગ્રીમેન્ટની કોપી.**
**૨. વડોદરા-હાલોલ-કાલોલ રોડ પ્રોજેકટનો કન્સેસનર એગ્રીમેન્ટની કોપી.**

ઉપરોકત બાબતે આપશ્રીના પત્ર ક્રમાંક નં : આરટીઆઈ/૧૦૨૦૧૩/૨૬(૨૬)-ખાક તા.૧૮-૧૨-૨૦૧૩થી જણાવ્યા મુજબ બંને એગ્રીમેન્ટના કુલ ૩૩૦ પાનાના પૃષ્ઠ દીઠ રૂ. ૨/- લેખે રૂ.૬૬૦/- ચલણથી સરકારશ્રીમાં જમા કરાવવા જણાવેલ. જે અમોએ આજ રોજ ભરી દીધેલ છે. જેમાં રીસીવ ફોમમાં RTI/102013/26(26) ખા.ક. જે. નં : ૦૫૪૨૬૨૯ તા.૨૬-૧૨-૨૦૧૩ છે. (જેની ઝેરોક્ષ નકલ આ સાથે સામેલ રાખેલ છે.)

તો આ બાબતે સત્વરે અમોને ઉપરોકત માહિતી લેખિતમાં મળે તેવી વ્યવસ્થા કરાવવા નમ્ર વિનંતી.

આભારસહ

આપનો વિશ્વાસુ,

મુકેશભાઈ સી. દવે
(માનદમંત્રી)

સામેલ : ઉપર મુજબ